# ગુજરાત સરકાર

ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A
ગૃહ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર
તા. ૨૮.૧૦.૨૦૨૧

હુકમ :-

રાજ્યમાં COVID-19ના સંક્રમણની બાબતને ધ્યાને લેતાં રાજ્ય સરકાર દ્વારા ગૃહ વિભાગના તા.૨૪.૦૯.૨૦૨૧ના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A થી રાજ્યના ૮ શહેરોમાં અમલમાં મુકવામાં આવેલ રાત્રિ કર્ફ્યુ તથા કેટલાક નિયંત્રણોની અવધિ ગૃહ વિભાગના તા.૦૮.૧૦.૨૦૨૧ના હુકમથી તા.૧૦.૧૧.૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાક સુધી લંબાવવામાં આવેલ છે.

૨. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના દૈનિક કેસોમાં સતત ઘટાડો નોંધાયેલ છે. જેથી પ્રવર્તમાન પરિસ્થિતિની પુન: સમીક્ષા કરી તા.૨૪.૦૯.૨૦૨૧ના હુકમ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-Aથી મુકવામાં આવેલ નિયંત્રણોમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે.

૩. રાજ્યના નીચે જણાવેલ ૮ શહેરોમાં તા.૩૦.૧૦.૨૦૨૧થી તા.૩૦.૧૧.૨૦૨૧ સુધી દરરોજ રાત્રિના ૦૧.૦૦ કલાકથી સવારના ૦૫:૦૦ કલાક સુધી રાત્રિ કર્ફ્યુ અમલમાં મુકવામાં આવે છે.

| અનુ.નંબર | શહેરનું નામ |
|---|---|
| ૧ | અમદાવાદ શહેર |
| ૨ | વડોદરા શહેર |
| ૩ | સુરત શહેર |
| ૪ | રાજકોટ શહેર |
| ૫ | ભાવનગર શહેર |
| ૬ | જામનગર શહેર |
| ૭ | જુનાગઢ શહેર |
| ૮ | ગાંધીનગર શહેર |

**નિયંત્રણો:**

1. તમામ દુકાનો, વાણિજ્યક સંસ્થાઓ, લારી-ગલ્લાઓ, શોપિંગ કોમ્પ્લેક્સ, માર્કેટીંગ યાર્ડ, અઠવાડીક ગુજરી/બજાર/હાટ, હેર કટીંગ સલૂન, બ્યુટી પાર્લર તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિ રાત્રિના ૧૨:૦૦ કલાક સુધી ખુલ્લા રાખી શકાશે.
2. રેસ્ટોરેન્ટ્સ રાત્રિના ૧૨:૦૦ કલાક સુધી બેસવાની ક્ષમતાના મહત્તમ ૭૫% ક્ષમતા સાથે કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન ચાલુ રાખી શકશે. Home Delivery તથા Take away પણ રાત્રિના ૧૨:૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે.
3. સિનેમા હોલ ૧૦૦% ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે.
4. નૂતન વર્ષ નિમિત્તે સ્નેહ મિલન કાર્યક્રમોનું આયોજન કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન, ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૪૦૦ વ્યકિતઓની મર્યાદામાં) કરી શકાશે.
5. કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન, ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યકિતઓની મર્યાદામાં છઠ્ઠ પૂજાના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરી શકાશે.
6. સ્પા સેન્ટરો નિયત કોરોના ગાઇડલાઇનના ચુસ્તપણે પાલન સાથે સવારના ૦૯:૦૦ થી રાત્રિના ૦૯:૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે. સ્પા સેન્ટરના માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યકિતઓ માટે વેક્સિનનો પ્રથમ ડોઝ ફરજિયાત રહેશે. જે વ્યકિતઓના RTPCR ટેસ્ટ પોઝીટીવ આવેલ હોય તેવા કિસ્સાઓમાં RTPCR ટેસ્ટ પોઝીટીવ આવ્યાના ૧૪ દિવસથી/ હોસ્પિટલની Discharge Summaryની તારીખથી ૯૦ દિવસ પૂર્ણ થયા બાદ તુર્તજ વેક્સીનનો પ્રથમ

ડોઝ લેવાનો રહેશે. પ્રથમ ડોઝ લીધાને નિયત સમય મર્યાદા પૂર્ણ થયેલ હોય તો બીજો ડોઝ પણ લીધેલ હોય તે હિતાવહ રહેશે.

7. તા.૨૪.૦૯.૨૦૨૧ના હુકમની અન્ય વિગતો યથાવત રાખવામાં આવે છે.

૪. સદર હુકમ તા.૨૯.૧૦.૨૦૨૧થી તા.૩૦.૧૧.૨૦૨૧સુધી અમલમાં રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પંકજ દવે)
અધિક સચિવ(કા.વ્ય.)
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- રજિસ્ટ્રાર, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ (પત્ર દ્વારા)
- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- માહિતી નિયામકશ્રી – ગુજરાત રાજય, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
  
  ૨/– આ બાબતને બહોળી પ્રસિધ્ધિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સેકશન અધિકારીશ્રી, આઇ.ટી.સેલ,ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  
  આ હુકમને ગૃહ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરાવવા અંગે જરુરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ – ૨૦૨૧.